બિનસરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના ફાજલ શિક્ષકો/કર્મચારીઓને રક્ષણ આપવા બાબત.

---

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: ઊમશ-૧૨૯૩/૨૦૩૭/ગ.૧
સચિવાલય, ગાંધીનગર

તારીખ: 21 MAY 1994

<u>વંચાણમાં લીધા:-</u>

૧. શિક્ષણ વિભાગના તા.૧૧-૧-૮૩ના સરકારી ઠરાવ ક્ર:બમશ-૧૩૮૨-૮૧૬-ઈ/ગ
૨. સરકારશ્રી, શિક્ષણ વિભાગના તા.૧૩-૨-૯૦ના ઠરાવ ક્રમાંક: બમશ-૧૨૮૬-૬૧૮૦૬-ગ.૧
૩. સરકારશ્રી શિક્ષણ વિભાગના તા.૧૦-૭-૧૯૯૨ના ઠરાવ ક્રમાંક ઊમશ-૧૨૯૨-૬૪૫/ગ.૧
૪. ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા.૩૦-૧૦-૯૩નો પત્ર ક્રમાંક:બમશ-મા-૧/ફાજલ/૯૩-૯૪/૧૪/૨૦૯-૮૫

<u>આમુખ</u>

રાજ્યમાં આવેલી બિનસરકારી માધ્યમિક શાળાઓ તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ પૈકી કેટલીક શાળાઓ વિદ્યાર્થીઓના અભાવે બંધ થતી હોય છે તે જ રીતે કેટલીક શાળાઓમાં વર્ગો બંધ થવાની પરિસ્થિતિ ઊભી થાય છે જેને પરિણામે બંધ થતી શાળાઓ કે વર્ગોના ફાજલ માધ્યમિક શિક્ષકો કે ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો/કર્મચારીઓને સમાવવાનો પ્રશ્ન ઊભો થાય છે. ઘણી વખત લાંબા સમય સુધી અમુક પ્રમાણમાં શિક્ષકો/કર્મચારીઓને સમાવી શકાતા નથી જેને કારણે આવા ફાજલ શિક્ષકો/કર્મચારીઓને આપવામાં આવેલ પગારના રક્ષણને કારણે બેઠાબેઠા પગાર ચૂકવવો પડે છે, અને સરકારને આ રીતે બિનજરૂરી આર્થિક બોજો વહન કરવો પડતો હોય છે. તેમ છતાં આવા ફાજલ શિક્ષકો/કર્મચારીઓને રક્ષણ આપવાની નીતિને સરકારશ્રીએ વખતોવખત સુધારા કરીને ચાલુ રાખેલ છે. ફાજલ શિક્ષકો/કર્મચારીઓના રક્ષણ અંગેની પ્રવર્તમાન નીતિ બાબતે પુનઃ વિચારણા કરી (કરવી ખૂબ જ જરૂરી જણાતાં, તે માટે તા.૧૩-૪-૧૯૯૪ના રોજ માન. મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં ગુજરાત માધ્યમિક શિક્ષક મહામંડળના હોદ્દેદારો સાથેની એક બેઠકમાં વિસ્તૃત ચર્ચાને અંતે) ફાજલ શિક્ષકો/

કર્મચારીઓને અપાતા પ્રવર્તમાન રક્ષણ સંબંધે એક નવી નીતિ ઘડી કાઢવા ઠરાવવામાં આવ્યું છે.

## ઠરાવ

કાળજીપૂર્વકના વિચારણાને અંતે ફાજલ માધ્યમિક શિક્ષકો કે ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો/ કર્મચારીઓને અપાતા રક્ષણની પ્રવર્તમાન નીતિને બદલે નીચે દર્શાવ્યા મુજબની નવી નીતિનો અમલ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૧. તા.૧૫-૪-૧૯૯૪ અથવા તે પહેલાં નિમાયેલ માધ્યમિક શિક્ષકો કે ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો/ કર્મચારીઓ કે જેને ઓછામાં ઓછી એક વર્ષની એટલે કે ૩૬૫ દિવસની નોકરી થઈ હોય તેઓને જ ફાજલ શિક્ષકો / કર્મચારીઓને રક્ષણ આપવાનું રહેશે. તા.૧૬-૪-૧૯૯૪થી કે તે પછી નિમણુંક પામેલ શિક્ષક/ કર્મચારીઓને ફાજલનું રક્ષણ આપવામાં આવશે નહીં.

૨. તા.૧૬-૪-૧૯૯૪ કે તે પછી નિમણુંક પામેલા કોઈપણ ફાજલ શિક્ષક / કર્મચારી તરીકેનું કોઈપણ રક્ષણ આપવામાં આવશે નહિ. પરંતુ તેવા ફાજલ શિક્ષક/ કર્મચારીને ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો ૧૯૭૪ના વિનિયમ-૩૩ હેઠળની જોગવાઈ મુજબ વળતર આપીને છૂટા કરવાના રહેશે. આવા શિક્ષક/ કર્મચારીને છૂટા કરતી વખતે વળતર ચૂકવવા અંગે શાળાઓને કોઈપણ જાતની ગ્રાન્ટ આપવામાં આવશે નહિ અને શાળાએ પોતાના ફંડમાંથી વળતર ચૂકવવાનું રહેશે. જે શાળા શિક્ષક/ કર્મચારીને વળતર ચૂકવવામાં ચૂક કરશે તેને નિભાવ ગ્રાન્ટમાંથી વળતરની રકમ કાપી લેવામાં આવશે. જે શાળા આ રીતે વળતર ચૂકવવામાં ચૂક કરશે તેની સામે જીલ્લા શિક્ષણ અધિકારીએ કાયદેસરના પગલા લેવાના રહેશે.

૩. ફાજલ શિક્ષક /કર્મચારી તરીકેનું રક્ષણ બંધ કરવું એટલે નોકરીમાંથી છૂટા થવું તેવું સ્પષ્ટ અર્થઘટન કરવાનું રહેશે.

૪. તારીખ ૧૫-૪-૧૯૯૪ સુધી નિમણુંક પામેલ શિક્ષક/ કર્મચારીઓ કે જેઓની નોકરી તે તારીખે એક વર્ષની પૂરી થઈ હશે તેઓને સંજોગો ઉપસ્થિત થતાં છૂટા કરવામાં આવે તો નીચેની જોગવાઈ અનુસાર ફાજલનું રક્ષણ આપવામાં આવશે.

(એ) આવા ફાજલ શિક્ષક/ કર્મચારી જે શાળામાંથી છૂટા થયા હોય તે શાળા શરૂ થયાના પાંચ વર્ષની અંદર બંધ થયેલ ન હોવી જોઈએ.

(બી) જે શાળામાં વર્ગ બંધ થવાના કારણે શિક્ષક / કર્મચારી ફાજલ થાય તે શાળાને આવો વર્ગ બંધ થયા પછી પાંચ વર્ષ સુધી નવો વર્ગ કોઈપણ સંજોગોમાં આપવામાં આવશે નહિ.

(સી) ફાજલ શિક્ષક / કર્મચારીને સમાવવા બાબતમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીનો આદેશ આખરી ગણવામાં આવશે. અને જો આધિન શિક્ષક/ કર્મચારી તેમને ફાળવેલ જગા ઉપર નહિ જાય તો તેને નોકરીમાંથી છૂટા કરવામાં આવશે અને પછી તેમની નોકરી ગમે તેટલા વર્ષની હોય તો પણ ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ, ૧૯૭૪ના વિનિયમ-૩૩ની જોગવાઈ મુજબ તેમને વળતર આપીને છૂટા કરવામાં આવશે.

(ડી) સરકારના ઠરાવ કે પરિપત્રો કે અન્ય કોઈપણ જગાએ ઉલ્લેખ કરવામાં આવ્યો હોય તો પણ જે તે શાળામાં બીજી કોઈપણ શાળામાં જગા ન હોય તો કન્યા શાળામાં પણ પુરુષ કર્મચારીને ફાળવવામાં આવશે અને તેને કન્યા શાળાએ સ્વીકારવાના રહેશે.

(ઈ) સંસ્થા ફાળવેલ ફાજલ શિક્ષક/ કર્મચારીને હાજર ન કરે તેવા કિસ્સાઓમાં જેટલો સમય આવા કર્મચારીને કામ વગર પગાર ચૂકવવો પડે તે ખર્ચ સંસ્થાને ચૂકવવાપાત્ર નિભાવ ગ્રાન્ટમાંથી કાપી લેવામાં આવશે. જો શાળાને મદદનીશ શિક્ષકના પગાર જેટલી નિભાવ ગ્રાન્ટ મળવાપાત્ર ન હોય તો તેવી શાળાની માન્યતા રદ કરવા માટેની કાર્યવાહી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ કરવાની રહેશે.

(એફ) ફાજલ શિક્ષક/ કર્મચારીએ તેને સમાવવા અંગે સ્થળ પસંદગી અંગેનો વિકલ્પ આપવા સંબંધે અગાઉ જે કોઈ જોગવાઈ કરવામાં આવી હશે તે રદ કરવામાં આવે છે.

(જી) ભાષાકીય કે ધાર્મિક લઘુમતિના પાયા ઉપર રચાયેલી સંસ્થાઓ દ્વારા ચલાવાતી શાળાઓમાંથી ફાજલ થતાં શિક્ષક/કર્મચારીને અન્ય લઘુમતિ શાળાઓ કે બીજી શાળાઓમાં સમાવવામાં આવશે. વિકલ્પે નિયમાનુસારની કાર્યવાહી કરી વિનિયમ-૩૩ મુજબ વળતર

આપો છૂટા કરવાના રહેશે.

(એચ) જે શિક્ષક/કર્મચારીને ફાજલ તરીકેનું રક્ષણ મળેલ હોય તેને પ્રથમ સંબંધિત જિલ્લામાં અથવા નજીકના જિલ્લાની શાળામાં સમાવવામાં આવશે અને તે પ્રમાણે જગા ન હોય તો રાજ્યના ગમે તે જિલ્લાની શાળામાં સમાવવામાં આવશે અને ત્યાં જવું તેને માટે ફરજિયાત રહેશે.

(આઇ) બિન શૈક્ષણિક કર્મચારીની જગા પ્રવર્તમાન નિયમાનુસાર વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ઉપર આધારિત છે પણ ગ્રંથપાલ, પ્રાયોગિક શિક્ષક/લેબોરેટરી આસીસ્ટન્ટ કમ્પાઉન્ડ જેવી ખાસ ચોક્કસ જગાઓ ભૌતિક સુવિધા અને વર્ગોની સંખ્યાને ધ્યાનમાં રાખીને ઊભી થાય છે. આ તમામ જગાઓ ઉપર કામ કરતા કર્મચારીઓને પણ કોઇપણ પ્રકારે ફાજલ કરવાના થાય તો ઉપર જણાવ્યા પ્રમાણેના નિયમો જ લાગુ પાડવાના રહેશે.

(જે) કોઇપણ શાળામાં શૈક્ષણિક /બિન શૈક્ષણિક કર્મચારીની જગા ભરવાના પ્રસંગે રોસ્ટર પોઇન્ટ પ્રમાણે જે તે જગા અનામત કક્ષાના ઉમેદવારથી ભરવાની થતી હોય અને જે તે વિભાગના ફાજલ શૈક્ષણિક /બિન શૈક્ષણિક કર્મચારી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી પાસે ઉપલબ્ધ હોય તો તેવા સંજોગોમાં ઉપલબ્ધ ફાજલ શિક્ષક/ કર્મચારીથી જે તે જગા ભરવાની રહેશે અને રોસ્ટર પોઇન્ટ આગળ ખેંચી લેવાનો રહેશે.

(ક) જો શાળામાં જગા ખાલી પડે અને શાળાને જો ફાજલ શિક્ષક/કર્મચારી ફાળવવામાં આવેલ હોય તો નવી ખાલી પડતી જગા માટેના વાંધા પ્રમાણપત્ર આપવું. જો ખાલી પડેલ જગાની તરત આગળની જગા માટે ના વાંધા પ્રમાણપત્ર આપેલ હોય અને સંબંધિત વિભાગના ફાજલ શિક્ષક ઉપલબ્ધ હોય તો ફાજલ શિક્ષકની ફાળવણી કરવી. જો શાળામાં એક સાથે એક કરતાં વધુ જગા ખાલી પડે અને ફાજલ શિક્ષક ઉપલબ્ધ હોય તો જે વિભાગના ફાજલ શિક્ષક હોય તેને ફાળવી આપવા આ પ્રમાણ ૧: ૧ નું રાખવું.

(એલ) નવા શરૂ થતા ગ્રાન્ટને પાત્ર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાને ગ્રાન્ટની નીતિને અનુલક્ષીને ગ્રાન્ટને પાત્ર થતાં સમય લાગે તે દરમ્યાન આવી શાળાઓએ પણ જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીના કચેરીમાં ઉપલબ્ધ ફાજલ શિક્ષકો/કર્મચારીઓને ફાળવણી થયે ફરજિયાત પણે સ્વીકારવાના રહેશે. અને આવા શિક્ષકોનો ફક્ત પગાર ખર્ચ ગ્રાન્ટના રૂપમાં આવી શાળાને આપવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ડી.સી.વરિયા )
ઉપસચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

મુખ્યમંત્રીશ્રી, શિક્ષણ મંત્રીશ્રી અન્ય મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ/મદદનીશ
સચિવાલય, ગાંધીનગર.

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

સચિવ, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

સંયુક્ત શિક્ષણ નિયામક (૧૦ વત્તા ૨ ભાગ ઘટક) પાટનગર યોજના ભવન,
એલિસબ્રીજ, અમદાવાદ.

તમામ જીલ્લા શિક્ષણાધિકારીશ્રી,

રજીસ્ટ્રાર, માધ્યમિક શાળા સેવા ટ્રિબ્યુનલ, અમદાવાદ

રજીસ્ટ્રાર, ગુજરાત સંલગ્ન કોલેજ, સેવા ટ્રિબ્યુનલ, અમદાવાદ

વિભાગની સર્વે શાખાઓ.

વિશિષ્ટ ફાઈલ.